# NRG COMMITTEE / CENTRE
(Non - Resident Gujaratis' Committee)

**Gujarat Chamber of Commerce & Industry**

**DIGANT SOMPURA**
*Ex Political Economic Adviser : British Deputy High Commission, Gujarat*
Hon. Chairman : NRG Committee & NRG Centre


12696

૮ જુલાઇ, ૨૦૨૦

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય

**માનનીય રૂપાણી સાહેબ,**

**<u>વિષયઃ વંદે ભારત મીશન હેઠળ આગામી ૧૧ જુલાઈ થી ૧૯ જુલાઈ દરમ્યાન આવતા વિદેશીઓના ક્વોરન્ટાઇન અંગે.</u>**

આપની કુશળતા ઇચ્છુ છું.

વિશ્વભરમાં ફેલાયેલ COVID-19 ની મહામારીથી અનેક સમસ્યાઓ ઉભી થઇ છે. આ સંજોગોમાં ભારતમાં ફેલાયેલ કોરોના વાયરસની જાગૃતતા, તેનાં ઇલાજ અને તેને અટકાવવાનાં વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીનાં અથાગ પ્રયાસોને કારણે તથા ગુજરાતમાં આપના નેતૃત્વ હેઠળ આ મહામારીને નિયંત્રિત કરવામાં આપની કામગીરી સરાહનીય રહી છે.

COVID-19 મહામારીમાં ભારતના નાગરિકો વિદેશોમાં ફસાયા હોય અને તેમને પરત લાવવા માટે કેન્દ્રીય સરકાર કટિબદ્ધ છે. આ માટે "વંદે ભારત" મિશન હેઠળ અનેક ભારતીયો અને મૂળ ભારતીયો ભારત આવવા સલામત રીતે પરત ફરી રહ્યા છે.

આગામી ૧૧ જુલાઇથી ૧૯ જુલાઇ દરમ્યાન આશરે ૩૬ જેટલી અલગ-અલગ ફ્લાઇટમાં વિદેશીઓને ભારત પરત લાવવાનો અન્ય તબક્કો શરુ થનાર છે. આપશ્રીને આ અંગે ખાસ ધ્યાન દોરવા પ્રેરિત કરું છું કે, આ તમામ ૩૬ ફ્લાઇટ મુંબઇ અને દિલ્હી ખાતે ઉતરાણ કરનાર છે અને જે તે ફ્લાઇટમાં આવનાર પ્રવાસીને મુંબઇ અથવા દિલ્હી જ ક્વોરન્ટાઇન થવું પડે તેવી માર્ગદર્શિકા જાહેર થઇ છે.

આ સંજોગોમાં ગુજરાત સ્થિત આવનાર પ્રવાસીઓને ગુજરાતમાં જ તેમનાં વતન-શહેર ખાતે ક્વોરન્ટાઇન થવા દેવા જોઇએ તેવી અમારી આ નાગરિકો વતી માંગણી છે.

વર્તમાન મુંબઇની કોરોનાને કારણે થયેલી ગંભીર પરિસ્થિતિને અનુલક્ષીને ગુજરાત આવતા પ્રવાસીઓને તેમનાં જ શહેરમાં (ગુજરાત) માં ક્વોરન્ટાઇન થવા માટે આપના સહયોગની અપેક્ષા છે.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

DSompura

**દિગંત સોમપુરા**
*માનદ્ ચેરમેન/ પૂર્વ અધિકારી - બ્રિટીશ દૂતાવાસ*
બિન નિવાસી ગુજરાતી કેન્દ્ર/ કમિટિ
(ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન પ્રેરિત)
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, આશ્રમરોડ, અમદાવાદ
ફોન : ૦૭૯-૪૦૦૬૯૬૦૩
મોઃ ૯૬૮ ૭૦૨ ૬૮૮૬